# BUSINESS મિત્ર

### એફઆઇઆઇની નવેસરથી વાપસી અને નીચલા સ્તરેથી વેલ્યુબાઇંગથી બજારમાં રીકવરી જોવાઇ

# શેરબજાર નીચલા સ્તરેથી 500 પોઇન્ટ સુધરી લાલ નિશાનમાં બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** વૈશ્વિક નબળા સંકેતોના પગલે ભારતીય શેરબજારમાં નરમાઈ સાથે બંધ રહ્યા હતા. જોકે, સતત ચોથા દિવસે નુકશાન વધાર્યું હતું. સંભવિત યુએસ-ભારત ટ્રેડ ડીલ પર ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે રોકાણકોરનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતું.

સેકટર વાઈઝ જોઈએ તો મીડિયા, ઓટો અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે આઈટી, કન્ઝયુમર ડયુરેબલ્સ અને રિયલ્ટી શેરોમાં સુધારો જોવાયો હતો. ભારતીય શેરબજારમાં આજે શરૂઆતી ઘટાડા બાદ રીકવરી જોવા મળી હતી અને સેન્સેક્સ નીચલા સ્તરેથી 500 પોઈન્ટ રીકવર થયો હતો. જોકે, સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં એફઆઈઆઈની નવેસરથી વાપસી અને વેલ્યુ બાઈંગના કારણે રોકાણકારોના સેન્ટીમેન્ટમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 77.84 પોઈન્ટ એટલે કે 0.09 ટકા ઘટીને 84481.81 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84780 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84238 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 3 પોઈન્ટના નજીવા ઘટાડા સાથે 25815.55 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25900 પોઈન્ટની સપાટી કુદાવીને 25902 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 25726 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 13.90 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 58912.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ટીવીએસ મોટર 8.92 ગણા, ચોલામાંડલમ ફાઈ. 6.22 ગણા, મહિન્દ્રા-મહિન્દ્રા 5.49 ગણા, મન્નાપુરમ ફાઈ. 5.28 ગણા અને એમફાસીસ 5.03 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે નિપ્પોન લાઈફ 11.55 ગણા, ક્રોપ્ટ્રોન ગ્રીવ્ઝ 8.21 ગણા, એચબીએલ એન્જીનીયરીંગ 5.19 ગણા, યુટીઆઈ એએમસી 4.56 ગણા અને એલઆઈસી 4.23 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો ઘટાડો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.05 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.28 ટકા ઘટાડો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળાઈ રહી હતી. બીએસઈ ખાતે 1644 શેરો વધ્યા હતા અને 2498 શેરો ઘટાયો હતો. જ્યારે 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 1.27 ટકા ઘટ્યો હતો. જેમાં ટીપ્સ મ્યુઝિક, ઝી એન્ટર, પીવીઆર આનોક્સ, નઝારા ટેકનો, હેથવે કેબલ્સ, સન ટીવી નેટવર્ક, નેટવર્ક 18 મીડિયા અને સારેગામા ઈન્ડિયા ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારોમાં સુધારો જોવાયો હતો. રોકાણકારો આજે કેન્દ્રીય બેન્કના નિર્ણયો માટે તૈયારી કરી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો નીચલા સ્તરે બંધ રહ્યા હતા. જેના કારણે ટેકનોલોજી શેરોમાં નવેસરથી નબળાઈ આવી હતી, કારણ કે ખેંચાયેલા એઆઈ વેલ્યુએશન પર ચિંતાઓ ફરી ઉભરી આવી હતી. બેન્ક ઓફ જાપાન તરફથી હોકીશ વલણની અપેક્ષાઓથી રોકાણકારોનું સેન્ટિમેન્ટ વધુ ઘટ્યું હતું, જેના કારણે પ્રાદેશ બજારના દબાણમાં વધારો થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.14 ટકા, કેક 0.37 ટકા અને ડેક્સ 0.50 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.83 ટકા, સ્ટ્રેઈટસ 0.11 ટકા, તાઈવાન 0.21 ટકા, કોસ્પી 1.55 ટકા, જકાર્તા 0.69 ટકા ઘટાડો નોંધાયો હતો. જ્યારે શાંઘાઈ 0.16 ટકા અને હેંગસેંગ 0.05 ટકા સુધારો નોંધાયો હતો.



## રૂપિયામાં સુધારો આગળ વધ્યો, 14 પૈસા સુધર્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. આજે સતત બીજા દિવસે રૂપિયો સુધર્યો હતો અને ડોલરની સામે રૂપિયો 14 પૈસા વધીને 90.25ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.16, પાઉન્ડ 120.32, કેનેડિયન ડોલર 65.39, ઓસ્ટ્રેલિયન ડોલર 59.55, જાપાનીઝ યેન 0.5791, સીંગાપોર ડોલર 69.95ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.25 રૂ. |
| યુરો | 106.16 રૂ. |
| પાઉન્ડ | 120.32 રૂ. |
| યેન | 0.5792 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -77.84 | 84481.81 |
| નિફ્ટી | -3.00 | 25815.55 |
| બેન્ક નિફ્ટી | -13.90 | 58912.85 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 2.71 | 5115.50 |
| ટીસીએસ | 1.96 | 3280.80 |
| મેક્સ હેલ્થકેર | 1.69 | 1048.50 |
| ટેક મહિન્દ્રા | 1.66 | 1605.60 |
| ઇન્ફોસીસ | 1.55 | 1626.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 2.62 | 1745.90 |
| પાવરગ્રીડ | 1.21 | 257.95 |
| ટાટા સ્ટીલ | 1.30 | 168.12 |
| બજાજ ઓટો | 0.72 | 8831.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.73 | 3586.60 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.94 | 3280.10 |
| ટેક મહિન્દ્રા | 1.72 | 1605.00 |
| ઇન્ફોસીસ | 1.51 | 1626.35 |
| અદાણી પોર્ટસ | 0.66 | 1495.75 |
| એકસીસ બેન્ક | 0.48 | 1230.55 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 2.74 | 1746.00 |
| ટાટા સ્ટીલ | 1.26 | 168.15 |
| પાવરગ્રીડ | 1.15 | 258.00 |
| એશિયન પેઇન્ટસ | 0.89 | 2760.60 |
| એનટીપીસી | 0.82 | 318.60 |

# રાજસ્થાનમાં ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ઊભી થઈ રહેલી ઇથેનોલની ફેક્ટરીનો વિરોધ



સરકાર ભલે કહે કે પેટ્રોલને બદલે ઇથેનોલ વાપરવાથી પર્યાવરણને લાભ થશે પણ ભારતના કિસાનો તે વાત માનવા તૈયાર નથી. રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના ટિબ્બી પ્રદેશના રથીખેડા ગામમાં ઇથેનોલ પ્લાન્ટને લગતો ચાલી રહેલો વિવાદ સતત વકરી રહ્યો છે. ખેડૂતો પ્રદૂષણ અને ભૂગર્ભ જળના ઘટતા સ્તર અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે વહીવટીતંત્રનો દાવો છે કે પ્લાન્ટ માટે તમામ જરૂરી મંજૂરીઓ મેળવી લેવામાં આવી છે. ખેડૂત સંગઠનોએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી સરકાર પ્લાન્ટને દૂર કરવાનો આદેશ નહીં આપે ત્યાં સુધી વિરોધ બંધ થશે નહીં. ખેડૂતોની બે મુખ્ય માંગણીઓ છે. પ્રથમ, ટિબ્બીમાં સ્થાપિત થઈ રહેલી ઇથેનોલ ફેક્ટરી સંબંધિત સમજૂતી કરાર (MoU) તાત્કાલિક રદ કરવામાં આવે. બીજું, વિરોધ કરી રહેલા ખેડૂતો સામે દાખલ કરાયેલા તમામ કેસ પાછા ખેંચવામાં આવે. ૧૦ ડિસેમ્બરે યોજાયેલી મહાપંચાયત બાદ ખેડૂતો ફેક્ટરી તરફ કૂચ કરી રહ્યા હતા, જે દરમિયાન આગચંપીની ઘટના બની હતી. હિંસામાં અનેક વાહનો સળગાવી દેવામાં આવ્યાં હતાં અને પોલીસકર્મીઓ અને ખેડૂતો ઘાયલ થયાં હતાં. મહાપંચાયતને ધ્યાનમાં રાખીને અનાજ બજારના વેપારીઓએ પણ અનાજ ન વેચવાનો નિર્ણય લીધો છે. વહીવટીતંત્ર અને ખેડૂતો વચ્ચે બે રાઉન્ડની વાતચીત છતાં કોઈ સમજૂતી થઈ નથી.આ વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત છે અને પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. રથીખેડા વિસ્તારમાં ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્થાપિત થઈ રહેલી એશિયાની સૌથી મોટી ઇથેનોલ ફેક્ટરીને બંધ કરાવવા માટે ચાલી રહેલી લડાઈ વચ્ચે બુધવારે જંકશન મંડી પરિસરમાં ખેડૂતોની મહાપંચાયત યોજાઈ હતી. યુનાઇટેડ કિસાન યુનિયનના રાષ્ટ્રીય નેતા રાકેશ ટિકૈતે મંચ દ્વારા જાહેરાત કરી હતી કે જ્યાં સુધી ફેક્ટરી બંધ કરવાનો અને એમઓયુ રદ કરવાનો સ્પષ્ટ આદેશ ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. એક વાર ફેક્ટરી સ્થાપિત થઈ ગયા પછી તેને ફરીથી બંધ કરવામાં આવશે નહીં. ટિકૈતે ટ્રેક્ટરને હથિયાર ગણાવતા કલેક્ટરના નિવેદનની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે ફેક્ટરીની આસપાસ એવો કાયદો લાગુ કરો કે જો કોઈ ટ્રકવાળો માલ લઈને આવે તો તે પાછો ફરી શકશે નહીં. આવી દેખરેખથી ફેક્ટરી આપમેળે અન્યત્ર ખસી જશે. ચંદીગઢમાં નોંધાયેલ ડ્યુન ઇથેનોલ પ્રાઇવેટ લિમિટેડ રથીખેડામાં ૪૦ મેગાવોટનો અનાજ આધારિત ઇથેનોલ પ્લાન્ટ સ્થાપી રહી છે. કંપનીનો દાવો છે કે આ પ્લાન્ટ કેન્દ્ર સરકારના ઇથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) કાર્યક્રમને ટેકો આપશે. આશ્ચર્યજનક વાત એ છે કે કંપનીની પર્યાવરણીય મંજૂરી (EC) અરજી ૨૦૨૨ થી હજુ પણ પેન્ડિંગ છે. પર્યાવરણીય મંજૂરી વિના બાંધકામ કાર્ય ચાલી રહ્યું હોવાને કારણે વિસ્તારનાં ખેડૂતો લાંબા સમયથી વિરોધ કરી રહ્યાં છે. બુધવારે બપોરે ખેડૂતોએ ટિબ્બી SDM ઓફિસ સામે એક મોટો મેળાવડો યોજ્યો હતો. લગભગ ૪ વાગ્યાની આસપાસ સેંકડો ખેડૂતો ટ્રેક્ટર સાથે ફેક્ટરી સ્થળ તરફ કૂચ કરી હતી. થોડી જ વારમાં દિવાલ તૂટી ગઈ અને પોલીસ સાથે ઘર્ષણ શરૂ થયું. ગુસ્સે ભરાયેલા ખેડૂતોએ ટ્રેક્ટર કૂચ કાઢી હતી અને નિર્માણાધીન ડ્યુન ઇથેનોલ પ્રાઇવેટ લિમિટેડ ફેક્ટરીની સીમા દિવાલ તોડી નાખી હતી. જવાબમાં પોલીસે લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસના સેલ છોડ્યા હતા. હંગામો એ હદે વધી ગયો કે ખેડૂતોએ પોલીસ અને વહીવટીતંત્રનાં ૧૬ વાહનોમાં તોડફોડ કરી અને આગ લગાવી દીધી.

ઘટનાસ્થળે હાજર કોંગ્રેસના ધારાસભ્ય અભિમન્યુ પુનિયા પણ લાઠીચાર્જમાં ઘાયલ થયા હતા. તેમને હનુમાનગઢ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘણા પોલીસકર્મીઓ અને વહીવટી અધિકારીઓ પણ ઘાયલ થયા છે. ખેડૂત નેતા મંગેજ ચૌધરીએ મીડિયાને જણાવ્યું હતું કે સરકાર એક ખાનગી કંપનીને ફાયદો કરાવવા માટે ગ્રામજનોના જીવન સાથે રમવા માંગે છે. ફેક્ટરી બનાવતી કંપની ઉત્પાદન શરૂ થયા પછી લાખો લિટર પાણી જમીનમાંથી કાઢશે. બાદમાં, તે પ્રદૂષિત પાણી ફરીથી જમીનમાં ભળી જશે. આનાથી માટી અને વાયુ બંને પ્રદૂષિત થશે. આસપાસની જમીન ખેતી માટે અયોગ્ય બની જશે. આનાથી પાક અને પ્રજાતિઓ બંનેનો નાશ થશે. તેમણે ફેક્ટરી બંધ કરવાનો કાયમી આદેશ ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચેતવણી આપી છે. વિરોધને ધ્યાનમાં રાખીને, જિલ્લા વહીવટીતંત્રે હનુમાનગઢ જિલ્લા મુખ્યાલયમાં ઇન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી હતી. વિરોધના પરિણામ સુધી ઇન્ટરનેટ બંધ રાખવા અંગેનો નિર્ણય લેવામાં આવશે. સુરક્ષા માટે બહારના જિલ્લાઓમાંથી પોલીસ બળ મંગાવવામાં આવશે. જિલ્લા કલેક્ટર ખુશાલ યાદવે ટ્રેક્ટરના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. ખેડૂતોનું કહેવું છે કે તેઓ તેમનાં ટ્રેક્ટર સાથે આવશે, જેનાથી વહીવટીતંત્ર અને ખેડૂતો વચ્ચે સીધો મુકાબલો થવાની સંભાવના છે. સમગ્ર હનુમાનગઢ જિલ્લામાં કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે. વિભાગના અન્ય જિલ્લાઓ સહિત ૧,૪૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષક હરિશંકર વ્યક્તિગત રીતે કાયદો અને વ્યવસ્થા પર નજર રાખી રહ્યા છે. જિલ્લા કલેક્ટર અને એસપી કચેરીઓની સામે ભારે બેરિકેડ ઊભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વહીવટીતંત્ર ડ્રોન કેમેરાથી આસપાસના સમગ્ર વિસ્તારોનું નિરીક્ષણ કરી રહ્યું છે.

બુધવારે લગભગ ચાર કલાક ચાલેલી મહાપંચાયત બાદ જિલ્લા વહીવટીતંત્રે સહભાગીઓને વાટાઘાટો માટે આમંત્રણ આપ્યું હતું. કલેક્ટર કચેરી સંકુલમાં યોજાયેલી વાટાઘાટો બાદ કેટલાક મુદ્દાઓ પર લેખિત કરારો થયા હતા અને અન્ય મુદ્દાઓ પર મૌખિક કરારો થયા હતા. સંભવિત પ્રદૂષણની તપાસ કરવા માટે એક અલગ સમિતિ બનાવવા માટે લેખિત કરાર થયો હતો.મંત્રણામાં સામેલ સંઘર્ષ સમિતિના મંગેજ ચૌધરીએ જણાવ્યું હતું કે વહીવટીતંત્ર સાથેની વાતચીતમાં સમિતિનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી ફેક્ટરીનું બાંધકામ બંધ રાખવાનો કરાર થયો હતો. મંત્રણામાં ખેડૂતો સામે નોંધાયેલા તમામ કેસોની CID દ્વારા તપાસ કરાવવા અને નોંધાયેલા કેસ પાછા ખેંચવા અંગે પણ સકારાત્મક વલણ દર્શાવવામાં આવ્યું હતું. મંત્રણામાં વહીવટીતંત્રે એક પગલું આગળ વધાર્યું છે, પરંતુ ફેક્ટરી બંધ કરવાનો કાયમી આદેશ ન મળે ત્યાં સુધી લડત ચાલુ રહેશે. તેમણે કહ્યું કે ૭ જાન્યુઆરીએ ફરીથી ખેડૂતોની સભા યોજાશે. આ સભામાં આંદોલનની ભાવિ રણનીતિ પર ચર્ચા કરવામાં આવશે. યુનાઇટેડ કિસાન યુનિયનના રાષ્ટ્રીય નેતા ગુરનામસિંહ ચડુની, સાંગરિયાના ધારાસભ્ય અભિમન્યુ પુનિયા, ભદ્રના ભૂતપૂર્વ ધારાસભ્ય બલવાન પુનિયા, સીપીઆઈ(એમ) નેતા મંગેજ ચૌધરી, કોંગ્રેસના જિલ્લા પ્રમુખ મનીષ ગોદારા મક્કાસર, ભૂતપૂર્વ જિલ્લા પ્રમુખ સુરેન્દ્ર દાદરી વગેરે હાજર રહ્યા હતા. અગાઉ, ખેડૂતોના ગુસ્સાને ધ્યાનમાં રાખીને, કલેક્ટર કચેરીથી મહાપંચાયત સ્થળ સુધીના તમામ રસ્તાઓ સીલ કરવામાં આવ્યા હતા. લગભગ પંદરસો પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. સભાને કારણે જંકશન મંડીના બે દરવાજા સિવાય બાકીના બધા દરવાજા સીલ કરવામાં આવ્યા હતા. દરેક ખૂણા અને ખાંચરા પર પોલીસ તૈનાત કરવામાં આવી હતી. ખેડૂત નેતા ગુરનામ સિંહ ચડુનીએ કહ્યું કે ખેડૂતોએ મુકદ્દમાથી ડરવાની જરૂર નથી. તેમણે સરકારને ચેતવણી આપી હતી કે જો તમે ફક્ત પાંચસો નહીં પરંતુ પચાસ હજાર ખેડૂતો સામે કેસ દાખલ કરો તો પણ તમારી જેલ ઓછી પડશે, પરંતુ ખેડૂતો નિરાશ નહીં થાય. તેમણે ફેક્ટરી બંધ ન થાય અને એમઓયુ રદ ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ચેતવણી આપી હતી. પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગે ફેક્ટરી દ્વારા થતા ભૂગર્ભ જળ પ્રદૂષણની તપાસ કરવા માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે. આ સમિતિમાં વિભાગીય કમિશનર બિકાનેરને અધ્યક્ષ, વન પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગના સચિવને સભ્ય સચિવ, જિલ્લા કલેક્ટર હનુમાનગઢ, વરિષ્ઠ પર્યાવરણ ઇજનેર અરવિંદ અગ્રવાલ, મુખ્ય ઇજનેર ભૂગર્ભ જળ વિભાગ સૂરજ ભાનને સભ્યો બનાવવામાં આવ્યા છે. આ સમિતિ પોતાનો અહેવાલ રાજસ્થાન સરકારને સુપરત કરશે. સરકાર ત્યાર બાદ કામ આગળ વધારવા બાબતમાં નિર્ણય કરશે. જો કે, સમિતિ ક્યારે રિપોર્ટ રજૂ કરશે તેની સમયમર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

બુધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ફેક્ટરી બનાવતી કંપની ઉત્પાદન શરૂ થયા પછી લાખો લિટર પાણી જમીનમાંથી કાઢશે. તે પ્રદૂષિત પાણી જમીનમાં ભળી જશે. આસપાસની જમીન ખેતી માટે અયોગ્ય બની જશે**

# ભારતમાં 70.9 કરોડ સક્રિય યુપીઆઇ ક્યુઆર કોડ

**સક્રિય** લોકો દરેક નાના-મોટા વ્યવહાર માટે પણ યુપીઆઇનો ઉપયોગ કરી રહ્યા છે

**જુલાઇથી** સપ્ટેમ્બર વચ્ચે યુપીઆઇ દ્વારા 59.33 અબજ વ્યવહારો થયા હતા, જે અગાઉના વર્ષ કરતા 33.5 ટકા વધુ થયા

નવી દિલ્હી, તા. 18: ભારતમાં ડિજિટલ વ્યવહારો ઝડપથી વધી રહ્યા છે અને હવે લોકો રોજિંદા ખરીદીમાં, ખાસ કરીને સ્ટોર્સ પર તેનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે યુપીઆઈ દ્વારા 59.33 અબજ વ્યવહારો થયા હતા, જે અગાઉના વર્ષ કરતા 33.5 ટકા વધુ છે.

આ સમયગાળા દરમિયાન કુલ ટ્રાન્ઝેક્શન 74.84 લાખ કરોડ રૂપિયા હતું, જે પાછલા વર્ષ કરતા 21 ટકા વધુ છે. આ વૃદ્ધિ દેશમાં ડિજિટલ પેમેન્ટની ઝડપી વૃદ્ધિને દર્શાવે છે. વર્લ્ડલાઇન ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર ભારતમાં હવે 70.9 કરોડ સક્રિય યુપીઆઈ ક્યુઆર કોડ છે. જુલાઈ, 2024થી આ સંખ્યામાં 21 ટકાનો વધારો થયો છે. આ ક્યૂઆર કોડનો ઉપયોગ હવે કરિયાણાની દુકાનો, દવાની દુકાનો, બસ-રેલ્વે સ્ટેશનો અને ગામડાઓ સુધી પહોંચી ગયો છે.

આ રિપોર્ટ અનુસાર, યુપીઆઈનો ઉપયોગ હવે સ્ટોર્સ પર પેમેન્ટ માટે વધુ થઈ રહ્યો છે. દુકાનના વ્યવહારો 35 ટકા વધીને 37.46 અબજ ટ્રાન્ઝેક્શન પર પહોંચ્યા છે. વ્યક્તિથી વ્યક્તિના વ્યવહારો 29 ટકા વધીને 21.65 અબજ ટ્રાન્ઝેક્શન્સ પર પહોંચ્યા છે.

જોકે, જો આપણે ટ્રાન્ઝેક્શનની સરેરાશ રકમ પર નજર કરીએ તો તે ઘટીને 1262 રૂપિયા થઈ ગઈ છે, જે પહેલા 1363 રૂપિયા હતી. આનો અર્થ એ થયો કે લોકો હવે યુપીઆઈનો ઉપયોગ ખોરાક, મુસાફરી, દવાઓ અને અન્ય રોજબરોજની વસ્તુઓ માટે વધુ કરી રહ્યા છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં પોઈન્ટ ઓફ સેલ મશીનોની સંખ્યામાં પણ વધારો થયો છે. આ મશીનો હવે 35 ટકા વધીને 12.12 મિલિયન થઈ ગયા છે. જો કે, ભારત ક્યૂઆરની સંખ્યામાં થોડો ઘટાડો થયો છે, કારણ કે લોકો હવે યુપીઆઈ ક્યૂઆર કોડનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. આ સાથે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડથી લેવડ-દેવડમાં પણ પરિવર્તન આવ્યું છે. ક્રેડિટ કાર્ડના વ્યવહારોમાં 26 ટકાનો વધારો થયો છે, જ્યારે ડેબિટ કાર્ડના વ્યવહારોમાં 22 ટકાનો ઘટાડો થયો છે, કારણ કે લોકો હવે નાના વ્યવહારો માટે યુપીઆઈનો વધુ ઉપયોગ કરી રહ્યા છે.

મોબાઈલ અને ટેપ આધારિત ચુકવણી પણ ઝડપથી વધી રહી છે. ખાસ કરીને શહેરોમાં અને મેટ્રો, ટેક્સી જેવી સેવાઓમાં લોકો હવે કાર્ડ સ્વાઈપ કર્યા વિના મોબાઈલથી ચૂકવણી કરવાનું પસંદ કરી રહ્યા છે. આગામી સમયમાં ભારતમાં યુપીઆઈનો ઉપયોગ વધુ વધવાની સંભાવના છે. અહેવાલ અનુસાર, 2025ના અંતમાં અને 2026ની શરૂઆતમાં ઈન્ટરઓપરેબલ ક્યૂઆર કોડ સામાન્ય ઉપયોગમાં રજૂ કરવામાં આવશે, જે લોકોને પેટ્રોલ પંપ, હોસ્પિટલો, જાહેર સેવાઓ અને મુસાફરી જેવા સ્થળોએ એક જ ક્યૂઆર કોડ સાથે ચૂકવણી કરવાની મંજૂરી આપે છે.

# બીજા અર્ધવાર્ષિકમાં રૂપિયો જોરદાર ઉછાળવાની શક્યતા : SBIનો રિપોર્ટ

**અમેરિકા**-ભારત વેપાર સોદા અંગે આશાવાદને કારણે રૂપિયામાં પણ સમયાંતરે મજબૂતી જોવા મળી હતી

નવી દિલ્હી, તા. 18: ચાલુ નાણાકીય વર્ષના બીજા છ મહિનામાં રૂપિયો જોરદાર પુનરાગમન કરી શકે છે અને ડોલર સામે તેનું મૂલ્ય મજબૂતી જોઈ શકે છે.

એસબીઆઈ રિસર્ચે જણાવ્યું હતું કે વૈશ્વિક અસ્થિરતા અને ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારમાં વિલંબને કારણે તાજેતરના મહિનાઓમાં ડોલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતના વેપાર આંકડા દર્શાવે છે કે દેશમાં લાંબા સમયથી ચાલી રહેલી અનિશ્ચિતતા, વધતા સંરક્ષણવાદ અને શ્રમ પુરવઠાના આંચકાનો સામનો કરવો પડ્યો છે.

એસબીઆઈના ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર ડૉ. સૌમ્ય કાંતિ ઘોષે જણાવ્યું હતું કે, "જિયોપોલિટિકલ રિસ્ક ઈન્ડેક્સ એપ્રિલ 2025થી ઘટ્યો છે અને એપ્રિલ-ઓક્ટોબર 2025ના સમયગાળા માટે આ ઈન્ડેક્સની વર્તમાન સરેરાશ તેના દાયકાના સ્તરથી ઉપર છે. આ ઈન્ડેક્સ બતાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ ભારતીય રૂપિયા પર કેટલું દબાણ લાવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રૂપિયો હાલમાં પતનના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે, પરંતુ ટૂંક સમયમાં તેમાંથી બહાર આવે તેવી સંભાવના છે. ડોલર સામે રૂપિયો સતત ઘટાડો જોઈ રહ્યો છે અને તેના માનસિક સ્તર 90ને પાર કરીને 91 ના સ્તરે પહોંચ્યો છે.

જોકે, ગુરૂવારે ડોલર સામે રૂપિયો મજબૂતી મેળવીને 90.25ની સપાટીએ પહોંચ્યો હતો. એસબીઆઈના રિપોર્ટ અનુસાર, દિવસોની સંખ્યાની દ્રષ્ટિએ રૂપિયામાં હાલનો ઘટાડો અત્યાર સુધીનો સૌથી તીવ્ર ઘટાડો છે. એક વર્ષથી પણ ઓછા સમયમાં રૂપિયો 85 થી ઘટીને 90 પ્રતિ ડોલર થઈ ગયો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકાએ 2 એપ્રિલ, 2025ના રોજ વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓ પર મોટા પાયે ટેરિફ વધારાની જાહેરાત કરી ત્યારથી ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે 5.7 ટકાનો ઘટાડો થયો છે, જે મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ છે. જોકે, અમેરિકા-ભારત વેપાર કરાર અંગે આશાવાદને કારણે રૂપિયામાં પણ સમયાંતરે મજબૂતી જોવા મળી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૬૭૦૦ |
| તેજાબી સોનું | ૧૩૬૬૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૯૯૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૦૯૭૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૬૭૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૭૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૮૫૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ **ટચૂકડી** મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો** મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા TV, LCD** LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં,** અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા** કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**નોકરી વિષયક**

**જોઈએ છે** વેલ્ડર, ફીટર, સ્ટોરકીપર, વાયરમેન (ફ્રેશર) ગાયત્રી એન્જીનીયર્સ, દેલાડ, સાયણ. 8734813000 (682)

**મસાલા પેકીંગ માટે** પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

**જોઈએ છે** કોમ્પ્યુટરની દુકાન પર હેલ્પર કામ કરવા માટે નારાયણ કોમ્પ્યુટર નાનપુરા. સુરત Mo. 9374781267

**જોઈએ છે** થ્રી વિલ ટેમ્પો ડ્રાઈવર દુકાનમાં પરચુરણ કામ માટે ભાઈઓ રૂબરૂ મળો જે. ભગવાન સ્ટીલ ફર્નીચર મેઘાણી ટાવર પાસે સ્ટેશન રોડ - સીનેમારોડ સુરત ફોન 2423864- 9979044484

**જોઈએ છે** રસોઈના કામ કરવા માટે લેડિઝ- જેન્ટસ રસોઈના બનાવવાનો અનુભવ જરૂરી. પતિ -પત્ની સાથે રહેવા- જમવાની સગવડ મળશે.- 9737255166

**WANTED** CONSTRUTION SITE ENGINEER MIN. 5 YEARS EXPERIENCE PH: 9879614629

**વોક ઇન ઇન્ટરવ્યું** HIV/ AIDSNACP-V (માઈગ્રન્ટ) પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા વી.ટી. કેવડીયા સચીનમાં M&E Cum Account-1 B.COM અને Tallyના જાણકાર પગાર 16000+ 600 ટ્રાવેલિંગ કરાર આધારિત ભરતી કરવાની છે. ઈન્ટરવ્યુનું સ્થળ: ES-12 લક્ષ્મીવિલા શોપીંગ કોમ્પલેક્ષ, સી. આર. પાટીલ. ચોક, સચીન, સુરત. તારીખ 20-12-25, સમય 10 થી1 (મો.) 9727462734 (692)

હોમાત્મક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ 99987 87143

**સુરતના જાણકાર** બાઈક ધરાવતા અનુભવી સેલ્સમેન ઓર્ડર લેવા માટે જોઈએ છે. 9913397989

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં** 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત ભાડેથી**

**સચિન હોજીવાલા** થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**દુકાન ભાડે આપવાની** છે, 1410 super buildup (705- સ્ક્વેર ફીટ કારપેટ), Ground floor -3-નોર્થવ્યું એપાર્ટમેન્ટ, નાનપુરા, સુરત, બે રોડ કોર્નર, લાફીંગ બુદ્ધા સર્કલની પાસે, (65,000/- રુ ભાડું) 9537826565

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**ઓમશિવ ટ્રાવેલ્સ** 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) 23- રાત્રે, (ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (રણઉત્સવ, કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**સાગર 9427113317** સેલવાસ દમણ ખાનવેલમાં રિસોર્ટ શનિ/રવિ, (ધૂળેટીમાં શાહપુરા ખાટુશ્યામ સાંવરિયાજી)

**મિલ્કત વેચવાની છે**

**ફ્લેટ વેચવાનો** દસ્તાવેજ ફાઈનલ ૧૧ લાખ બીજો માળ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**ગડત ચોકડી** આદિત્ય ગાર્ડન સોસાયટીમાં નવો 6 BHK બંગલો વેચવાનો છે પ્લોટ ૨૮૫૦ બાંધકામ RCC 6500 SQ.FT. બજેટ 3900 Per SQ.FT. 7698251587 (691)

**મકાન વેચવાનું છે.** 134 ચોરસ મીટર, ગ્રાઉન્ડ + બે માળ, પ્લોટ નં. 25, નવો મોહલ્લો, સાંઈબાબા મંદિર સામે, મેઈન રોડ, રુદરપુરા, સુરત. મો. 8291401808, 7700974403

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828** ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*